## ડીસેમ્બર

૧ ડીસેમ્બર ૧૮૮૫ - ગુજરાતી ભાષામાં મૂલ્યવાન અને ચિરંજીવ સાહિત્ય સર્જન કરનાર દત્તાત્રેય બાલકૃષ્ણ કાકાસાહેબ કાલેલકરનો જન્મ મહારાષ્ટ્રના સતારામાં થયો હતો. તેમનું વતન કાલેલી હતું. તેના ઉપરથી તેઓ કાલેલકર તરીકે ઓળખાયા. તેમણે ‘ હિમાલયનો પ્રવાસ’, ‘ રખડવાનો આનંદ’ ,’ જીવનનો આનંદ’ તથા ‘ ઉગમણો દેશ’ પ્રવાસ પુસ્તકો લખ્યા છે. ‘સ્મરણયાત્રા’ તેમની સ્મરણકથા છે. ગાંધીજીએ તેમને’ સવાઈ ગુજરાતી’ કહી નવાજ્યા હતા. (અવસાન-૨૧/૮/૧૯૮૧)

૨ ડીસેમ્બર ૧૯૪૭ - ટેસ્ટ ક્રિકેટ કોચ અને ગ્રાઉન્ડ ક્યુરેટર ગુજરાતી ધીરજ પરસાણાનો જન્મ થયો હતો.

૩ ડીસેમ્બર - ગુજરાતી સાહિત્યકાર મહીપતરામ રૂપરામ નીલકંઠનો જન્મ થયો હતો. તેમણે ‘ સધરા જેસંગ’, ‘ વનરાજ ચાવડો’ જેવી ઐતિહાસિક નવલકથાઓ આપી છે. ગુજરાતી ભાષાનું નવું વ્યાકરણ’ અને વ્યુત્પત્તિપ્રકાશ’ શાળાપ્રયોગી ગ્રંથો પણ આપ્યા છે. (અવસાન ૩/૯/૧૮૯૧)

૬ ડીસેમ્બર ૧૮૯૮ - ગુજરાતી બાળ વાર્તાઓની સુંદર અને આકર્ષક બાળશ્રેણી પ્રગટ કરનાર નાગરદાસ પટેલનો જન્મ થયો હતો. (અવસાન-૨૩/૨/૧૯૬૯)

૭ ડીસેમ્બર ૧૯૨૧ - સ્વામીનારાયણ સંપ્રદાયના આદરણીય સંતવિભૂતિ શાંતિલાલ (પ્રમુખ સ્વામી)નો જન્મ વડોદરા જીલ્લાના પાદરા તાલુકાના ચાણસદ ગામમાં થયો હતો.

૮ ડીસેમ્બર ૧૮૮૦ - ગુજરાતના પ્રજ્ઞાચક્ષુ સાહિત્યકાર સંઘવી સુખલાલજી સંઘજીનો જન્મ લીમલી ગામમાં થયો હતો.ઈ.સ. ૧૮૫૮માં તેમને સાહિત્ય અકાદમી દિલ્લી પુરસ્કાર એનાયત થયો હતો.

૮ ડીસેમ્બર ૧૯૧૭ - ‘ કચ્છ સંસ્કૃતિદર્શન’ જેવો અપ્રતિમ ગ્રંથ આપનાર રામસિંહજી રાઠોડનો જન્મ થયો હતો. ૯ અવસાન- ૨૫/૬/૧૯૯૭)

૯ ડીસેમ્બર ૧૯૧૩ - વીસમી સદીના તસવીરકાર ભારતના પ્રથમ મહિલા તસ્વીકાર હોમાય વ્યારાવાલનો જન્મ સુરત પાસેના નવસારીમાં થયો હતો. (અવસાન ૧૫/૧/૨૦૧૨)

૯ ડીસેમ્બર ૧૯૦૮ - ગુજરાતી હાસ્યકાર શાહબુદ્દીન સીદીકભાઈ રાઠોડનો જન્મ સુરેન્દ્રનગરના થાનગઢમાં થયો હતો. તેમને ; વનેચંદનો વરઘોડો’, ‘ આનંદલોક’ તથા ‘ સંભવામિ યુગે યુગે’ લઘુનવલ છે.

gnanbhandar.com

૧૦ ડીસેમ્બર ૧૯૦૮ - પુરાત્તત્વ નો ઇતિહાસ ઉકેલનાર નિષ્ણાંત હસમુખભાઈ સાકળીયાનો જન્મ મુંબઈમાં થયો હતો. તેમને ૩૨૫ થી વધારે સંશોધાત્મક લેખ લખ્યા છે. (અવસાન ૨૧/૧/૧૯૮૯)

૧૨ ડીસેમ્બર ૧૮૯૨ - ગુજરાતી ભાષાનો પ્રથમ વાર્તાસંગ્રહ ' તણખામંડળ ભાગ-૧' પ્રગટ કરનાર ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી ઉર્ફે ' ધૂમકેતુ' નો જન્મ વીરપુરમાં થયો હતો. તેમને ' તણખામંડળ ભાગ- ૧ થી ૪ ' , અને ' અનામિકા' જેવા વાર્તાસંગ્રહો આપ્યા છે. (અવસાન-૧૧/૩/૧૯૬૫)

૧૨ ડીસેમ્બર ૧૯૨૪ - વિદેશમાં એનિમેશન ફિલ્મ ટેકનોલોજીનો અભ્યાસ કરનાર તથા ઉત્તમ ફિલ્મો બનાવનાર કાંતિલાલ રાઠોડનો જન્મ થયો હતો. (અવસાન- ૨૮/૯/૧૯૮૮)

૧૩ ડીસેમ્બર ૧૮૭૯ - ગુજરાતી સાહિત્યકાર અલારખિયા હાજી મહંમદનો જન્મ મુંબઈમાં થયો હતો. તેમનું મૂળ વતન કચ્છ હતું. તેમને સલીમના ઉપનામથી ' રંગ મહેલ'. શીશ મહેલ/ વાર્તાઓ લખી છે. (અવસાન ૨૧/૧/૧૯૨૧)

૧૩ ડીસેમ્બર ૧૯૧૯ - ગુજરાતી કેળવણીકાર , શિક્ષણક્ષેત્રે ઉચ્ચ શિખરે પહોચેલા માંદ્વુરીભેન સાહની જન્મ થયો હતો. (અવસાન- ૨૯/૯/૧૯૮૯)

૧૩ ડીસેમ્બર ૧૯૨૪ - ગુજરાતના રાજકારણ, સાહિત્ય, પત્રકારત્વ તથા સાંસ્કૃતિકક્ષેત્રે રસ ધરાવતા નીરુભાઈ દેસાઈનો જન્મ થયો હતો. (અવસાન ૧/૧૨/૧૯૯૩)

૧૫ ડીસેમ્બર ૧૯૨૯ - રાજકારણની ગતિવિધિના ઊંડા અભ્યાસી, વિશાલ વાંચન ધરાવતા પીઢ પત્રકાર વિદ્યુતભાઈ ઠાકરનો જન્મ થયો હતો. (અવસાન )

૧૫ ડીસેમ્બર ૧૮૯૪ - વિજ્ઞાન તથા સામાન્યજ્ઞાન વિષયક સામયિક ' સફારી'ના તંત્રી નાગેન્દ્ર વિજયશંકર મૌર્યનો જન્મ થયો હતો.તેમને ' ફ્લેશ', 'સ્કોપ' અને ' સફારી' સામયિકોનું પ્રકાશન કર્યું. ' પ્રકૃતિ અને પ્રાણીજગત', ' મેથેમેજીક' અને વીસમી સદીનો યાદગાર ઘટનાઓ તેમના લોકપ્રિય પુસ્તકો છે.

૧૯ ડીસેમ્બર ૧૮૯૪ - ગુજરાતના પ્રથમ ઉદ્યોગપતિ કસ્તુરભાઈ લાલભાઈ શેઠનો જન્મ અમદાવદમાં થયો હતો. લાલભાઈ ગ્રુપની મિલોના સ્થાપક હતા. ઈ.સ. ૧૯૨૧માં અશોક મિલ અને ઈ.સ. ૧૯૩૧માં અરવિંદ મિલની સ્થાપના કરી હતી. (અવસાન- ૨૦/૧/૧૯૮૦)

gnanbhandar.com

૨૦ ડીસેમ્બર ૧૯૩૩ - ભારતીય નૃત્ય કલાની વિવિધ શૈલીઓના ઊંડા અભ્યાસી, આંતરરાષ્ટ્રીય ખ્યાતી ધરાવનાર તથા વિવેચક સુનીલ કોઠારીનો જન્મ થયો હતો.

૨૧ ડીસેમ્બર ૧૯૨૧ - ભારતના અગ્રણી ન્યાયવિદ તથા દેશના સર્વોચ્ચ અદાલતના નિવૃત મુખ્ય ન્યાયમૂર્તિ પ્રફુલ્લચંદ એન, ભાગ્વાતીનો જન્મ થયો હતો.

૨૩ ડીસેમ્બર ૧૯૩૮ - ગુજરાતી નાટ્યકાર, દિગ્દર્શક અને નાત્યકારના જાણકાર હસમુખ બારાદીનો જન્મ થયો હતો.

૨૩ ડીસેમ્બર ૧૯૧૮ - ગાંધી સાહિત્યનું વિશિષ્ઠ સંપાદનની કામગીરી કરનાર ચીમનલાલ નારણદાસ પટેલનો જન્મ અમદાવાદમાં થયો હતો.

૨૪ ડીસેમ્બર ૧૯૧૮ - પ્રખર ગાંધીવાદી, રચનાત્મક કાર્યકર , લેખક નારાયણભાઈ દેસાઈનો જન્મ વલસાડમાં થયો હતો. તેમને ' પાવન પ્રસંગો' અને ' જયપ્રકાશ નારાયણ' એમની ચરિત્રાત્મક પુસ્તિકાઓ છે. ' વેડછીનો વડલો' તેમનું સંપાદન અને ' માટીનો માનવી' અનુવાદ પુસ્તક છે.

૨૪ ડીસેમ્બર ૧૯૫૪ - લોકસાહિત્ય, ચારની, સંત સાહિત્ય જેવા વિષયો પર સંશોધનલેખો લખનાર નિરંજન વલ્લભભાઈ રાજ્યગુરુનો જન્મ ઘોઘામાં થયો હતો.ઈ.સ. ૧૯૯૧માં સંત સાહિત્ય સંશોધન કેન્દ્રની સ્થાપના કરી હતી.

૨૫ ડીસેમ્બર ૧૮૦૯ - ' માનવધર્મસભા' ના સ્થાપક અને સંચાલક દુર્ગારામ મંછારામ મહેતાજીનો જન્મ થયો હતો.

૨૫ ડીસેમ્બર ૧૯૦૨ - લોકસાહિત્ય, લોકસંગીત અને લોકકથાના મહાન કવિ દુલા ભાયા કાગનો જન્મ થયી હતો.

૨૬ ડીસેમ્બર ૧૯૨૯ - સબ ચેનલની લોકપ્રિય સિરીયલ' તારક મહેતાના ઉલટા ચશ્મા'ના લેખક તારક જગુભાઈ મહેતાનો જન્મ અમદાવાદમાં થયો હતો. ઈ.સ. ૧૯૮૧માં' તારક મહેતાના ઉલ્ટા ચશ્મા' હાસ્ય પુસ્તક લખ્યું. આ ઉપરાંત તેમણે ' દોઢ ડાહ્યા તારક મહેતાની ડાયરી' , ' તારક મહેતાનો ટપુડો' જેવા અનેક પુસ્તકો આપ્યા છે.

gnanbhandar.com

૨૮ ડીસેમ્બર ૧૯૩૨ - વિશ્વભરમાં ' રિલાયન્સ'નો ડંકો વગાડનાર ભારત રત્ન ધીરૂભાઈ હીરાચંદ અંબાણીનો જન્મ ચોરવાડ પાસે આવેલ કુકસવાડા ગામમાં થયો હતો. તેમણે ઈ.સ.૧૯૯૧માં હજીરા પ્રોજેક્ટ તથા ઈ.સ. ૧૯૧૭માં રિલાયન્સ કંપનીની સ્થાપના કરી હતી.( અવસાન – ૬/૭/૨૦૦૨)

૨૯ ડીસેમ્બર ૧૯૨૬ - આકાશવાણી ઉપરથી જેમના મીઠા સૂર સમગ્ર ગુજરાતમાં વહેતા થયા એવા રસિકલાલ સી. ભોજકનો જન્મ થયો હતો. (અવસાન ૧૭/૯/૧૯૯૦)

૩૦ ડીસેમ્બર ૧૯૨૬ - ગુજરાતની અસ્મિતાના આવિષ્કાર તથા મહાન સાહિત્યકાર , રાજનીતિજ્ઞ કનૈયાલાલ માણેકલાલ મુન્શીનો જન્મ ભરૂચમાં થયો હતો. ઈ.સ. ૧૯૨૨માં' ગુજરાત' માસિકની શરૂઆત કરી હતી. તેમણે ' જય સોમનાથ', ' રાજાધિરાજ', ગુજરાતનો નાથ', ' પાટણની પ્રભુતા' જેવી ઐતિહાસિક નવલકથાઓ લખી છે. ( અવસાન- ૮/૨/૧૯૭૧)

gnanbhandar.com